મહત્તમ : ૩૨.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૮૦ ટકા

ગાંધીનગર તાપમાન

આજે ગાંધીનગરમાં

ધાર્મિક

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન રાખડીના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન બહુવિધ સુકામેવાના કલાત્મક હિંડોળા યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા કમલેશભાઈ ઉપાધ્યાયના નિવાસસ્થાન સે-૧૩ ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના યોજાશે.

● રામધામ વાવોલ ખાતે સવારે ૬ થી ૮.૩૦ દરમિયાન પવિત્ર રાખડીના હિંડોળા તથા બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાગવત કથા યોજાશે

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા સંજયભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૧૫/૧, કિસાનનગર ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવપૂજા અને મહિમ્ન પાઠ યોજાશે.

સ્વાતંત્ર્ય દિન ઉજવણી

● મહાનગર સેવા સદનમાં સવારે ૯.૩૦ કલાકે મેયર રીટાબેન પટેલ દ્વારા ધ્વજવંદન કરાશે.

● જિલ્લા પંચાયત ખાતે પ્રમુખ મંગીબેન ચૌધરી દ્વારા સવારે ૯ કલાકે ધ્વજવંદન કરાશે.

● મામલતદાર કચેરી દ્વારા સવારે ૯ કલાકે રામકથા મેદાન ખાતે ધ્વજવંદન કરાશે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સવારે ૮ કલાકે મેડીકલ કોલેજના ડીન દ્વારા ધ્વજવંદન કરાશે.

● ગુમા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ અને જાગૃત વસાહત દ્વારા ગુમા કોમ્પ્લેક્ષ સે-૧૪ ખાતે સવારે ૯ કલાકે નિવૃત્ત ઓફિસર ઉમેશ ગુમાજી દ્વારા ધ્વજવંદન કરાશે.

● નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા સવારે ૧૦ કલાકે સે-૧૬ યુથ હોસ્ટેલ ખાતે ધ્વજવંદન કરાશે. સાથે વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાન પણ યોજાશે.

● ગર્વમેન્ટ કોલેજ સે-૧૫ દ્વારા સવારે ૯ કલાકે કોલેજ કેમ્પસ ખાતે ધ્વજવંદન અને ૯.૩૦ કલાકે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે.

● બીએસએફ લેકાવાડા કેમ્પસ ખાતે સવારે ૯ કલાકે આઈજી દ્વારા ધ્વજવંદન કરાશે.

● શહેરની દરેક શાળામાં સવારે ૭.૩૦થી ૮ દરમિયાન ધ્વજવંદન કરાશે.

● રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા સવારે ૯ થી ૯.૧૫ દરમિયાન કૈલાસધામ પેથાપુર ખાતે ધ્વજવંદન યોજાશે. અને ૯.૪૫ થી ૧૦.૧૫ દરમિયાન બ્રહ્માકુમારીના સેન્ટર ખાતે રક્ષાબંધનની ઉજવણી કરાશે.

● ભાજપ કાર્યાલય સે-૨૧ ખાતે સવારે ૭.૩૫ દરમિયાન ધ્વજવંદન કરાશે.

● ગાંધીનગર કોર્પોરેશન સે-૧૧ એમએસ બીલ્ડીંગ ખાતે સવારે ૮.૫૦ કલાકે ધ્વજવંદન કરાશે.

● સ્વામિનારાયણ વિશ્વ મંગલ ગુરૂકુળ કલોલ ખાતે સવારે ૯ કલાકે ગુજરાત રાજયના મહેસુલ વિભાગ મંત્રી કૌશિકભાઈ પટેલ દ્વારા ધ્વજવંદન કરાશે.

● સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૩૫/૨, સે-૮ ખાતે સવારે ૯ વાગ્યે સાહિત્યકાર દોલત ભટ્ટ દ્વારા ધ્વજવંદન કરાશે.

સાંસ્કૃતિક કાર્યક્રમ

● અરવિંદ કેન્દ્ર સે-૨૩ ખાતે શ્રી અરવિંદના જન્મદિન નિમિત્તે સવારે ૯.૩૦ કલાકે ધ્યાન-પ્રાર્થના વાંચન કરાશે.

● શહેરના જાણીતા ટીવી-સ્ટેજ કલાકાર તથા લોકસાહિત્યકાર હિમાંશુ ભચેચ દ્વારા રાત્રે ૯ કલાકે સે-૩-એ ન્યુ ખાતે રંગ કસુંબલ ભાતીગળ ડાયરો યોજાશે.

ચિરવિદાય

● સ્વ. મનુજી હિરાજી પરમાર, ઉ.વ. ૩૬
● સ્વ. ઠાકોર ઉદાજી ચેહાજી, ઉ.વ. ૭૦
● સ્વ. અમૃતભાઈ લક્ષ્મણભાઈ રબારી, ઉ.વ. ૬૯

શહેરમાંથી ૧૪૦૦ જેટલી રાખડી પોસ્ટ મારફતે મોકલાઈ

ગાંધીનગર, તા.૧૪

ભાઈ-બહેનનો તહેવાર રક્ષાબંધન આજે છે અને દરેક બહેનો પોતાના ભાઈને રાખડી બાંધી તેના ઓવારણા લેશે. પહેલેથી જ ચાલતી આવતી પ્રથા મુજબ ભાઈની રક્ષા માટે બહેન-ભાઈની આરતી કરી કંકુ-ચોખા સાથે તેની વધામણી કરે છે અને રાખડી બાંધે છે. પરંતુ જે બહેન ઘરથી દૂર હોય અને ભાઈ પાસે આવી શકે તેમ ન હોય તે ભાઈને રાખડી પોસ્ટ કરતી હોય છે. શહેરની ઘણી બહેનોએ અહીંથી પોતાને ગામ પોતાના ભાઈને રાખડી પોસ્ટ કરી છે. લગભગ ૧૪૦૦ જેટલી રાખડી અને ગીફટ શહેરની બહેનોએ મોકલી છે.

શહેરની કુરિયર સર્વિસ કંપની ચલાવનારનું કહેવું છે કે આજ સુધીમાં શહેરમાંથી લગભગ ૧૪૦૦ જેટલા રાખડીના કવર અને વીરપસલી પોસ્ટ થઈ છે સાદુ પોસ્ટ થોડા દિવસ અગાઉ પોસ્ટ કરાય તો ત્રણથી ચાર દિવસમાં પહોંચી જાય છે અને કુરિયર ચોવીસ કલાકમાં પહોંચી જાય છે. કુરિયરના મિનિમમ ચાર્જીસ ૪૦ રૂ. લેવામાં આવી રહ્યા છે.

સંસ્કાર ગૃપના બાળકો દ્વારા રક્ષાબંધનની ઉજવણી સે-૭ના બગીચામાં ઝાડને રાખડી બાંધીને તથા ગૃપની બહેનો દ્વારા ભાઈઓને રાખડી બાંધીને કરાઈ હતી. આ ઉપરાંત સ્વાતંત્ર્ય દિનની ઉજવણી રૂપે બાળકો દ્વારા સમૂહ રાષ્ટ્રીગીતોનું ગાન કરવામાં આવ્યું હતું.

રાંધેજા ગામે "શેરીમાંથી નહીં નીકળવાનું" કહી યુવક પર હુમલો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરને અડીને આવેલા રાંધેજા ગામમાં શેરીમાંથી નીકળવાનું નહી કહીને એક યુવકે અન્ય યુવાનને માથાના ભાગે પંચ મારતા યુવાન લોહી લુહાણ થતા તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખાતે સારવાર માટે લઈ જવાયો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાંધેજા કૃષ્ણનગર ચરામાં રહેતા હાર્દિક રમણભાઈ લખવારા(૧૯ વર્ષ) રાત્રીના ૮ વાગ્યાના અરસામાં ગામના દશામાના ચોકમાં ચાલતો ચાલતો જઈ રહ્યો હતો.ત્યારે મહોલ્લામાં રહેતા મોતીબા મહોબતસિંહ ઝાલાના ઘર પાસે પહોંચતા જ મોતીબાનો ભાણીયો કિશન જવાનસિંહ સોલંકી બાઈક લઈને આવ્યો હતો. જેને પાછળ એય એક યુવાન પણ બેઠો હતો. કિશને હાર્દિકને અહીંથી નીકળવુ નહી કહી અપશબ્દો બોલવા લાગ્યો હતો. અપશબ્દો બોલવાની ના પાડતા ઉશ્કેરાયેલા કિશનને હાર્દિકને માથાના ભાગે લોખંડનો પંચ મારી દીધો હતો. હાર્દિક જમીન પર પડી જતા ગ્રામજનો એકઠા થઈ ગયા હતા જેને પગલે બંને ભાગી ગયા હતા. જયારે હાર્દિકને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયો હતો,જયા યુવાનને માથાના ભાગે ઈજા પહોંચી હોવાથી ત્રણ ટાંકા લેવા પડ્યા હતા. હાર્દિકે પેથાપુર પોલીસ મથકમાં કિશન અને અન્ય યુવાન સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

કલરવ દ્વારા બાળસભ્યોનો પ્રવાસ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

કલરવ સંસ્થાના બાળસભ્યો માટે બનાસકાંઠાના દાંતા તાલુકામાં આવેલ સેબલ પાણીની મુલાકાતનો કાર્યક્રમ મુલત્વી રાખવામાં આવ્યો છે જે હવે ૨૫ ઓગષ્ટના રોજ યોજાશે. જેમાં ટોકન પેટે રૂ. ૩૦૦ ભરવાના રહેશે.

કલરવ સંસ્થાના બાળસબ્યો માટેનો પ્રવાસ કાર્યક્રમ તા. ૧૫ ઓગષ્ટના રોજ યોજાશે. જેના ટોકન પેટે રૂ. ૩૦૦ તા. ૨૨ ઓગષ્ટ સુધીમાં સાંજે ૫ થી ૭ દરમિયાન સે-૨૨ ફિઝિયોથેરાપી સેન્ટર ખાતે રવિવાર સિવાયના દિવસોમાં જમા કરાવવાનું સંસ્થાના પ્રમુખ દ્વારા જણાવાયું છે.

બાળકોને ટોકન પીન અપ કરીને, નાની ડે-પેક બેગમાં રઈનકોટ, એક જોડી કપડા, કેપ, ટુવાલ, નેપકીન, પર્સનલ હાઈજીન કીટ, પાણીની બોટલ, રુચી મુજબ થોડો નાસ્તો તથા બુટ પહેરાવી ૨૫ ઓગષ્ટના રવિવારના દિવસે સવારે ૪.૫૦ કલાકે સે-૮ સેંટ ઝેવિયર્સ સ્કુલની બહાર નજીક કલરવના વોલન્ટીયર્સને સોંપવા અને આ જ સ્થળેથી રાત્રે ૨૨ કલાકે બાળકોને પરત લઈ જવા સંસ્થાના પ્રમુખ કલન જૈન દ્વારા જણાવાયું છે.

પેન્શનર્સ સમાજ સે-૧ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૧૪

પેન્શનર્સ સમાજ સેકટર-૧ના પ્રમુખ એસ.ડી.આર. મલિકના જણાવ્યા પ્રમાણે સેકટર-૧માં નિવાસીઓના બાળકો જેઓએ ધો-૧૦ કે ધો-૧૨ની પરીક્ષામાં ૭૫ ટકાથી વધુ ગુણ મેળવેલ હશે તેમજ સેકટર-૧ના નિવાસી હોય તેવા બાળકોનું સન્માન ઉત્સવ સમિતિ સેકટર-૧ તરફથી નવરાત્રિ દરમિયાન કરાશે. માર્કશીટની ઝેરોક્ષ નકલ, નામ-સરનામું, ટેલિફોન નંબર, બાળક સાથેનું સગપણ જણાવી તા. ૧૦મી સપ્ટેમ્બર સુધીમાં એસ.ડી.આર. મલિક પ્લોટ નં. ૨૫૧ ફોન નં. ૨૩૨૩૨૭૭૭ સે-૧-સી, અશોકભાઈ જે. શાહ ૨૬૧, સે-૧-સી ફોન નં. ૨૩૨૩૭૩૩૩, રાજેશકુમાર ડી. દેસાઈ ૨૫૩-એ પંચતીર્થ એફ-૪ સે-૧ ફોન નં. ૨૩૨૩૯૫૧૨, જી.પી. વ્યાસ ૨૩૫/૧, સે-૧, ફોન નં. ૨૩૨૨૫૦૨ પર સંપર્ક સાધવા જણાવેલ છે.

વાવોલ સંકલ્પ રોયલ મકાનમાં તસ્કરોનો હાથફેરો

રોકડ રૂ.૨૦ હજાર અને સરકારી ટેબ્લેટની ચોરી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં તસ્કરો બેફામ બની ગયા છે. શહેરમાં દિન પ્રતિદિન તસ્કરોનો તરખાટ વધી ગયો છે. શહેરના રહેણાંક વિસ્તારમાં બંધ મકાનને બિન્દાસ્ત ટાર્ગેટ બનાવે છે. ત્યારે શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં આવેલા સંકલ્પ રોયલના બંધ મકાનમાં તસ્કરોએ તાળુ તોડીને ઘરમાં પડેલા રોકડા રૂ.૨૦ હજાર અને સરકારી ટેબ્લેટ પણ ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામની સંકલ્પ રોયલ સોસાયટીના મકાન નં-૨૨ ખાતે રહેતા દર્શન કુમાર પ્રજાપતિ (ઉં.વ.૩૯)કાલુપુર રેલ્વે સ્ટેશનમાં ડેપ્યુટી ચીફ ટીકીટ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવે છે. ગત તા.૮ ઓગસ્ટના રોજ રાત્રે ૧૨ વાગે તેઓ અંગત કામથી દિલ્હી ગયા હતા અને તા.૧૦ ઓગસ્ટના રોજ સવારે ૧૧ વાગ્યાના અરસામાં પરત ફર્યા હતા. ત્યારે તેઓએ જોયું તો ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તુંટલુ હતું અને ઘરનો સામાન વેર-વિખેર પડ્યો હતો. ઘરમાં પડેલા રોકડા રૂ.૨૦ હજાર ગાયબ હતા. તે ઉપરાતં ઘરના ટેબલ પર રહેલું સરકારી ટેબલેટ પણ ગાયબ હતું. આ ટેબલેટ તેઓને સરકારી કામકાજ માટે આપવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓ નોકરી પર જતા રહ્યા હતા અને ગતરોજ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડવા માટે તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ કિસાનનગર પ્લોટ નં.૨૯૭-૧ ખાતે રહેતા ગણપતસિંહ રાઠોડના નિવાસ સ્થાને ગતરોજ સાંજના સુમારે અચાનક આગ લાગી હતી. આગની જાણ ફાયરના જવાનોને થતા તાત્કાલીક તેઓ બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને આગ પર કાબુ મેળવી લીધો હતો. આ આગ સોર્ટસર્કિટથી લાગી હોવાનું ફાયરના જવાનોનું અનુમાન છે. ઘરમાં લાગેલી આગમાં ટીવી, એસી, સોફોસેટ તેમજ લાકડાનું ટેબલ બળીને ખાક થઈ ગયું હતું. જયારે સમગ્ર રૂમ કાળો ડિબાંગ થઈ ગયો હતો. જયારે પરિવાર ઘરે ન હતો તે સમયે આગ ભભુકી ઉઠી હતી.ઘરમાંથી નીકળતા ધુમાડાને પગલે પાડોશીએ ફાયર અને પરિવારને જાણ કરી હતી.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **જબરીયા જોડી**
૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
● **ચિકન કરી લો!**
૧૦.૨૦ રાત્રે
● **પ્રણામ**
૧.૪૦ બપોરે
● **સુપર-૩૦**
બપોરે ૩.૩૫, રાત્રે ૧૦.૦૦
● **ચાસણી (ગુજરાતી)**
બપોરે ૧૨.૪૫
● **કબીરસિંગ**
૧૦.૧૦ સવારે
● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૩-ડી હિન્દી ૧૧.૧૫, ૧.૦૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૪૦, ૧૦.૩૦
૩-ડી અંગ્રેજી ૯.૧૫ રાત્રે
૨-ડી હિન્દી ૧૦.૦૦ સવારે
● **ધ લાયન કિંગ**
૧૦.૩૦, ૩.૫૦, ૬.૩૫, ૧૦.૩૦, ૩.૫૦, ૬.૩૫

સિટી પલ્સ ફુડાસણ

● **જબરીયા જોડી**
૧૨.૩૦, ૩,૩૦, ૬.૩૦, ૧૦.૦૦
● **ચાસની (ગુજરાતી)**
૯.૩૦ રાત્રે
● **સુપર-૩૦**
૬.૩૦ સાંજે
● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૨-ડી હિન્દી ૪.૦૦, ૯.૪૫
૨-ડી અંગ્રેજી ૧.૦૦
● **ધ લાયન કિંગ**
(૨-ડી હિન્દી) ૭.૦૦
● **કબિરસિંગ**
૩.૧૫ બપોરે
● **ખાનદાની શફાખાના**
૧૨.૩૦ બપોરે

પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● **જબરીયા જોડી**
૯.૧૫, ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૨-ડી હિન્દી ૧.૧૫, ૭.૦૦
૩-ડી હિન્દી ૧૧.૦૦, ૪.૪૫, ૧૦.૧૫
● **સુપર-૩૦**
૧૨.૧૫, ૬.૩૦
● **ચાસની (ગુજરાતી)**
૩.૩૦ બપોરે, ૯.૪૫ રાત્રે
● **ધ લાયન કિંગ**
(૩-ડી હિન્દી) ૨.૦૦ બપોરે, સાંજે ૭.૪૫
(૨-ડી હિન્દી) ૧૦.૩૦, ૪.૧૫, ૧૦.૦૦

સરકારી વિજ્ઞાન કોલેજમાં 'નમો ઈ-ટેબ એપ' પર પરીક્ષા લેવાઈ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજમાં 'ડિજીટલ ઈન્ડિયા' અંતર્ગત નમો ઈ-ટેબ એપ્લિકેશનથી જનરલ સાયન્સ વિષય આધારિત પરીક્ષા લેવામાં આવી હતી. આ ઓનલાઈન પરીક્ષામાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમની બીએસસી સેમેસ્ટર-૩ની કેમેસ્ટ્રી વિષયની પરીક્ષા લેવામાં આવી હતી.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિજીટલ ઈન્ડિયાનું સ્વપ્ન સેવ્યું છે અને આ અંતર્ગત શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીને નમો ઈ-ટેબ રાહત દરે ફાળવવામાં આવ્યા છે. તેમજ એન્ડ્રોઈડ 'નમો ઈ-ટેબ એપ્લિકેશન' એન્ડ્રોઈડ ફોન તથા નમો ઈ ટેબ્લેટ પર પણ ઉપલબ્ધ છે. જેમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્યમાં ઉપયોગી તેવી માહિતી જેવી કે ઈ-બુકસ, જર્નલ્સ, વિડિયો લેકચર્સ ઉપરાંત જોબ પોર્ટલ જેવી લિંકસ પણ ઉપલબ્ધ છે જેના થકી વિદ્યાર્થીઓ સ્થળ અને સમયના અવરોધ વગર ગુણવત્તાયુકત શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે. ઈ-ટેબ્લેટ થકી ગુજરાત સરકારના 'ડીજીટલ ગુજરાત'ના પ્રયાસમાં ગુજરાતના યુવા વિદ્યાર્થીઓને જોડાવાની તક મળે છે. આજે સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે નમો ઈ-ટેબ એપ થકી પરીક્ષા આપી વિદ્યાર્થીઓ એક નવી શરૂઆતમાં સહભાગી બન્યા હતા.

પોલીસ તંત્ર છેલ્લામાં ૩૬ વર્ષથી ફરજ બજાવતા પોલીસ કર્મચારી નિકુલભાઈ શુક્લ વયનિવૃત થતા ગાંધીનગર ટ્રાફિક શાખાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તેમનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. તેઓ અગાઉ પાસપોર્ટ , વિઝા, એલ આઈ બી સહીતની પોલીસ શાખામાં અગાઉ બજાવતા હતા. જયારે છેલ્લા ૭ વર્ષથી સી એમ એસકોર્ટીંગમાં ફરજ બજાવતા નિકુલભાઈ વયનિવૃત થતા તેમની ફરજ નિષ્ઠાને બિરદાવી ટ્રાફિક પી આઈ પુવારે તેમનુ શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ. આ તબક્કે ટ્રાફિક શાખાના કર્મચારીઓ સહીત નગરના અગ્રણીઓએ તેમને નિવૃતજીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

ખેલમહાકુંભ - ૨૦૧૯માં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓ પોતાના નામનું ઓનલાઈન રજિસ્ટ્રેશન ૩૧મી ઓગષ્ટ સુધી કરી શકાશે

ગાંધીનગર, તા.૧૪

રાજય સરકાર દ્વારા ખેલ મહાકુંભમાં ઓનલાઈન ખેલાડીઓના રજિસ્ટ્રેશન તા. ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૯ સુધી રાખવામાં આવ્યું હતું. હવે, ખેલાડીઓ પોતાના નામનું રજિસ્ટ્રેશન ઓનલાઈન તા. ૩૧મી ઓગષ્ટ સુધી કરી શકશે, તેવું રાજય સરકારે નક્કી કર્યું હોવાનું જિલ્લા રમતગમત અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત તથા જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગર દ્વારા ચાલું વર્ષે પણ દર વર્ષની મુજબ ખેલમહાકુંભ – ૨૦૧૯ નું આયોજન કરવામાં આવ્યું છે. જે માટે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા ગ્રામ્ય, તાલુકા, જિલ્લા અને રાજય કક્ષા સુધીની સ્પર્ધાઓનું ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ ગાંધીનગર ગ્રામ્યનું આયોજન આગામી દિવસોમાં થનાર છે. ખેલ મહાકુંભ- ૨૦૧૯નું ઓનલાઈન રજિસ્ટ્રેશન વેબસાઈટ **www.khelmahakumbh.rog** પર તા. ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૯ સુધી કરવા જણાવવામાં આવ્યું હતું. તેના બદલે હવે, ખેલાડીઓ પોતાના નામનું ઓનલાઈન રજિસ્ટ્રેશન તા. ૩૧મી ઓગષ્ટ, ૨૦૧૯ સુધી કરી શકશે.

ગાંધીનગર ગ્રામ્યના તેમજ મહાનગરપાલિકા વિસ્તારના રજિસ્ટ્રેશનના લક્ષ્યાંકને પહોંચી વળવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારી કરવામાં આવી રહી છે. વધુમાં આજ રોજ ગાંધીનગર ગ્રામ્યનું ૮૨૫૯૧ અને શહેરનું ૨૮૭૪૪ રજિસ્ટ્રેશન થયેલ છે. વધુ માહિતી માટે કચેરી ફોન નંબર- ૦૭૯ ૨૩૨ ૪૦૩૨૪ પર સંપર્ક કરવા જિલ્લા રમતગમત અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓએ સૈન્ય શિબિરની મુલાકાત લઈ રક્ષાબંધનની ઉજવણી કરી

ગાંધીનગર, તા.૧૪

રક્ષાબંધન શબ્દનો અર્થ 'સંરક્ષણનું બંધન' છે. આ તહેવાર દરમિયાન, બહેનો તેમના ભાઈની કાંડા પર રાખડીનો દોરો બાંધે છે. બદલામાં, ભાઈઓ જીવન માટે તેમની બહેનોનું રક્ષણ કરવાનું વચન આપે છે. પરંતુ સરહદ પર તૈનાત ભારતીય સૈનિકો નિઃસ્વાર્થપણે સમગ્ર દેશની રક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરે છે. તમે આ સૈનિકો સાથે લોહીનો સંબંધ શેર કરી શકતા નથી. પરંતુ તેઓ એવા અસંબંધિત ભાઈઓ જેવા છે જેઓ દેશની રક્ષા કરે છે. ઠંડુ તાપમાન અને સળગતા તાપમાં - તેઓ બાકીની રાષ્ટ્ર શાંતિથી સૂઈ શકે તે સુનિશ્ચિત કરવા માટે બધી મુશ્કેલીઓનો વિરોધ કરે છે. અને આ ઉપરાંત, તેમના ઘરોથી દૂર, આ સૈનિકોએ તેમના દેશની સુરક્ષા માટે તેમના જીવનને જોખમમાં મૂકે છે. તેઓ ખરેખર તેમના પોતાના વિશે ધ્યાન આપ્યા વિના આપણા જીવનમાં મોટો ફરક પાડે છે. કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ આજે સૈનિકોની કાંડા પર રાખડી બાંધવા સૈન્ય શિબિરની મુલાકાત લીધી હતી અને દેશને દુશ્મનોથી બચાવવા બદલ આભાર માન્યો હતો. વિદ્યાર્થીઓની આ મુલાકાતથી સૈનિકોને પ્રોત્સાહન મળ્યું હતું.

સ્વાતંત્ર્ય દિને ગાંધીનગર જિલ્લાની તમામ શાળાઓમાં 'જળ બચાવો' પ્રતિજ્ઞા લેવાશે

ગાંધીનગર, તા.૧૪

સમગ્ર ગાંધીનગર જિલ્લામાં તા. ૧ જુલાઈ, ૨૦૧૯ થી જળ શકિત અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન આગામી તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધી ચાલશે. જળ શકિત અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં 'જળ બચાવો'ની પ્રતિજ્ઞા રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના દિવસે લેવડાવવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકા, ચારેય નગરપાલિકાઓ-તાલુકાઓના તમામ ગામોમાં જળ શકિત અભિયાન અંતર્ગત સુચારું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત જળ સંચયના કામોનું આયોજન કરીને ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં રિચાર્જ કરવા જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓને જોડીને જળ શકિત અભિયાનને મિશન મોડ પર મુકવામાં આવ્યું છે.

જળ શકિત અભિયાનનો બહોળા પ્રમાણમાં પ્રચાર-પ્રસાર થાય તે માટે જિલ્લાઓની શાળાઓને પણ જોડવામાં આવી છે. જિલ્લાઓની તમામ શાળાઓમાં તા.૧૫મી ઓગષ્ટ, સ્વાતંત્ર્ય દિન નિમિત્તે બાળકો પાણીનું મૂલ્ય સમજે અને પાણી બચાવવાના અભિયાનમાં સહભાગી બની શકે તે માટે 'જળ બચાવો' પ્રતિજ્ઞા બાળકો પાસે લેવડાવવામાં આવશે. આ ઉપરાંત જિલ્લાની શાળાના બાળકો દ્વારા જળ બચાવો વિષય અન્વયે ચિત્ર સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાઓ પણ યોજવામાં આવનાર છે.